
# ગુજરાતનો મહાસંગ્રામ 2012

### ચૂંટણી પહેલા ભાજપ આક્રમક મૂડમાં

## ભાજપની ૨૫ અને ૨૬મીએ ૮૭ સ્થળોએ જાહેરસભા થશે

### નીતિન ગડકરી પણ ૨૬મીએ ગુજરાતમાં ચૂંટણી પ્રચારાર્થે આવશે : મોદીની થ્રી-ડી ઈમેજવાળી ૨૬ સભાઓ કરાશે



અમદાવાદ, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરસોત્તમ રૂપાલાએ આજે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ૧૩ ડિસેમ્બરના રોજ યોજાનારી પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોના ચૂંટણી પ્રચારનો ભાજપા દ્વારા ૨૫ નવેમ્બરના રોજ પ્રારંભ કરાશે. ૨૫, ૨૬ નવેમ્બરના બે દિવસના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારમાં ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ, પ્રદેશના નેતાઓ અને ભાજપા શાસિત રાજ્યના મુખ્યમંત્રીઓ ગુજરાતમાં ચૂંટણી પ્રચારાર્થે આવશે અને પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો પર જુદા જુદા સ્થાનો પર આયોજિત ચૂંટણી પ્રચારસભાઓને સંબોધશે.

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ ગુજરાતની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ રૂપાલાએ ૨૫, ૨૬ નવેમ્બરના રોજ ગુજરાતમાં એક સાથે હાથ ધરાનારા પ્રચાર અંગે માહિતી આપતા વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં ભાજપાની મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કાર્યરત ભાજપા સરકારને જંગી બહુમતીથી જીતાડવા અને વિકાસ વિરોધી કોંગ્રેસનો સમગ્ર રાજયમાંથી સફાયો કરવાના ઉદેશ અને લક્ષ્ય સાથે ભાજપા ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરનાર છે.

૨૫, ૨૬ નવેમ્બરના બે દિવસીય ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર માટે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી ૨૬ નવેમ્બરના રોજ ગુજરાત આવશે. રાજ્યસભાના વિપક્ષના નેતા અરૂણ જેટલી, પૂર્વ અધ્યક્ષ વૈંકૈયા નાયડુજી અને રાજનાથસિંહ, ભાજપા શાસિત રાજ્યોના મુખ્યમંત્રી ઝારખઁડના અર્જુન મુંડા, છત્તીસગઢના ડો. રમણસિંહ, મધ્યપ્રદેશના શીવરાજસિંહ ચૌહાણ, રાષ્ટ્રીય મહામંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન તથા જગતપ્રકાશ નાડ્ડા, રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી સ્મૃતિ ઈરાની, પ્રભારી બલવીર પુંજ સહિતના આગેવાનો સમગ્ર રાજ્યમાં ચૂંટણી પ્રચાર સભાઓને સંબોધન કરશે.

આ ઉપરાંત થ્રી ડી ટેકનોલોજીના હોલોગ્રાફીક ઈમેજ દ્વારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રથમ તબક્કામાં એક સાથે ૨૬ સ્થળોએ જાહેરસભાઓ યોજાશે. આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન તા. ૨૮મી નવેમ્બરથી શરૂ થશે. જો કે આ તબક્કે તેમણે સ્થળની જાહેરાત હવે પછી કરાશે તેમ પણ જણાવ્યું હતું.

# ધોળકા ભાજપમાં ભડકો

### ટિકિટ ન મળતા કાનભા ગોહિલે ટેકેદારો સાથે ભાજપમાંથી રાજીનામા આપી કોંગ્રેસમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૩

કોંગ્રેસના પગલે ભાજપમાં પણ સત્તાવાર ઉમેદવાર સામે વિરોધનો વંટોળ ઉભા થયા પામ્યા છે. ભાજપના આગેવાન કાનભા ગોહીલે તેમના ટેકેદારો સાથે ભાજપમાંથી રાજીનામા આપી કોંગ્રેસમાં જોડાયા છે.

ભાજપ દ્વારા ગઈકાલે પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૮૭ ઉમેદવારોના નામોની યાદી જાહેર કરવામાંઆવી હતી. જેમાંસાણંદ બેઠક પર વર્તમાન ધારાસભ્ય કમાભાઈ રાઠોડને ટીકીટ આપવામાં આવતા આ બેઠક માટે ટિકિટની માંગણી કરનાર અમદાવાદ જિલ્લાના ધોળકાના ભાજપના આગેવાન કાનભા ગોહીલ નારાજ થવા પામ્યા છે.

સાણંદ બેઠક પર ટિકિટ ન મળતા કાનભા ગોહીલે બળવો કરીને પોતાના ટેકેદારો સાથે ભાજપમાંથી રાજીનામા આપીને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે.

આ ઉપરાંત વિરમગામ બેઠક પર બાજપે પ્રાગજીભાઈ પટેલને ઉમેદવાર તરીકે જાહેર કરતાં આ વિસ્તારના લોકોમાંથી તેમની સામે ભારે વિરોધ ઉઠવા પામ્યો છે.

આજ રીતે સુરતમાં પણ લીંબાયત બેઠક પરના ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે સ્થાનિક લોકો અને કાર્યકરોમાંથી વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે.

આમ કોંગ્રેસની જેમજ ભાજપમાં પણ ટિકિટ ન મળતાં ટિકિટવાચ્છુઓમાંથી વિરોધ વ્યક્ત કરવાની શરૂઆત થવા પામી છે.

### ભાજપે બાકી ચાર બેઠકો માટે ઉમેદવારોનાં નામ જાહેર કર્યાં : ધોરાજી માટે હરિભાઈ પટેલની પસંદગી

ગાંધીનગર, તા. ૨૩

ભાજપે પ્રથમ તબક્કા માટે ૮૩ બેઠકોના ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ આજે બાકીની ચાર બેઠકો માટેના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી.

ભાજપે આજે ગોંડલ બેઠક માટે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાની ઉમેદવાર તરીકે પસંદગી કરી છે. જયારે ધોરાજી બેઠક માટે ભાજપના પૂર્વ સાંસદ હરિભાઈ પટેલની પસંદગી કરી છે. ગારીયાધાર બેઠક માટે કેશુભાઈ નાકરાણી અને કેશોદ બેઠક માટે અરવિંદ લાડાણીની ઉમેદવાર તરીકે નામો જાહેર કરવામાં આવ્યા છે.

ધોરાજી અને ગોંડલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારો કોણ જાહેર થાય છે તેની રાહમાં ભાજપે આ બેઠકોના ઉમેદવારના નામો જાહેર કર્યા ન હતાં જો કે આજે ભાજપે આ બેઠકો પર ઉમેદવારોના નામો જાહેર કર્યા છે.

## ભાજપની પ્રથમ યાદી : એક પણ મુસ્લિમ ઉમેદવાર નથી

### ૧૧ મહિલાઓને ટિકિટ આપી : ૨૦૦૭માં હારી ગયેલા ચુડાસમા અને મોરીને પણ ફરી ટિકિટ : સસ્પેન્સની સ્થિતિ

અમદાવાદ,તા. ૨૩

ભાજપે વિધાનસભાની ચૂંટણી માટે ૮૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે પરંતુ લઘુમતી સમુદાયમાંથી એકપણ ઉમેદવારને ટિકિટ આપી નથી. નરેન્દ્ર મોદીના સદ્ભાવના મિશનથી લઘુમતીઓ આકર્ષિત થયા હતા અને એમ માનવામાં આવી રહ્યું હતું કે ભાજપ ત્રણથી ચાર મુસ્લિમ ઉમેદવારોને પણ મેદાનમાં ઉતારશે. વાંકાનેર અને વાઘરામાંથી ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની ગણતરી કરવામાં આવી રહી હતી પરંતુ ભાજપે એકપણ મુસ્લિમ ઉમેદવારને તેની પ્રથમ યાદીમાં સામેલ નહીં કરતા તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. મુસ્લિમ અને સદ્ભાવનાને લઈને ફરી એકવાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. નિષ્ણાંતોનો મત છે કે મુસ્લિમો પૈકી ફરી ઉદાસીન વર્તન રાખવામાં આવ્યું છે. જો કે આ વખતે ભાજપે મહિલાઓના મામલામાં કોંગ્રેસની સરખામણીમાં વધુ ટિકિટ આપીને તેની મહિલા ભાગીદારીને વધારવાની ઈચ્છા શક્તિ દર્શાવી દીધી છે.

એકબાજુ ભાજપે તેની પ્રથમ યાદીમાં ૧૧ મહિલાઓને ટિકિટ આપી છે જ્યારે કોંગ્રેસે ૫૨ ઉમેદવારોની તેની પ્રથમ યાદીમાં ચાર મહિલાઓને ટિકિટ આપી હતી. ભાજપે આ વખતે તમામ વર્તમાન ધારાસભ્યોને જ રિપિટ કરવાનો નિર્ણય કર્યો છે. ૨૦૦૭ની ચૂંટણીમાં મેદાનમાં ઉતરી ચૂકેલા ભાજપના ધારાસભ્યોને રિપીટ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૭માં ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને છત્રસિહ મોરી હારી ગયા હતા છતાં તેમને ટિકિટ આપવામાં આવી છે. મોદી કેબિનેટમાં રહેલા તમામ પ્રધાનો પ્રથમ યાદીમાં જ સ્થાને મેળવી ગયા છે. જો કે કેટલાકની બેઠકો બદલાઈ ગઈ છે. કારણ કે સીમાંકનની પ્રક્રિયા હાલમાં જ હાથ ધરવામાં આવી હતી.



કોંગ્રેસમાં ટિકિટ નહીં મળવાના કારણે ઘણા લોકોમાં નારાજગી દેખાઈ રહી છે. સતત બીજા દિવસે પણ ટિકિટ વાંછુકોએ દેખાવો કર્યા હતા.

## ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા પ્રથમ યાદી જાહેર કરવામાં આવી

| વિસ્તાર | ઉમેદવાર | વિસ્તાર | ઉમેદવાર |
|---|---|---|---|
| વિસાવદર | કેશુભાઈ પટેલ | મહુવા | હરેશભાઈ મહેતા |
| ગોંડલ | ગોરધનભાઈ ઝડફિયા | ગઢડા | વિક્રમાઈ ચૌહાણ |
| સાણંદ | રાજુભાઈ દશરથભાઈ પટેલ | નાંદોદ (અજજા) | શાંતિલાલ તડવી |
| ધોળકા | રાજેશભાઈ જશભાઈ પટેલ | ડેડીયાપાડા | શાંતિભાઈ વસાવા |
| ધંધુકા | ભરતભાઈ નાનાભાઈ દેસાઈ | જંબુસર | કમલેશભાઈ પટેલ |
| દસાડા (અજા) | સુરેશભાઈ ગોહિલ | વાગરા | જસવંતભાઈ જીતસંગ ગોહિલ |
| લીંમડી | માલાભાઈ સામળાભાઈ રબારી | અંકલેશ્વર | રજનીકાંત ભુવા |
| વઢવાણ | ઈશ્વરભાઈ નથુભાઈ પટેલ | ઓલપાડ | શાંતિભાઈ બેચરભાઈ પટેલ |
| ચોટીલા | હક્કાભાઈ મોહનભાઈ નાઠીયા | માંગરોલ(અજજા) | રમેશભાઈ સોનજી કાઠોડીયા |
| ધ્રાંગધ્રા | ધીરુભાઈ દલવાડી | માંડવી (અજજા) | મનહરભાઈ ચૌધરી |
| મોરબી | મનોજભાઈ પનારા | કામરેજ | દલસુખભાઈ ચોવટિયા |
| ટંકારા | ધીરુભાઈ ભીમાણી | સુરત પૂર્વ | દીપકભાઈ કાશીરામભાઈ રાણા |
| વાંકાનેર | પરષોત્તમભાઈ બાવડવા | વરાછા રોડ | હીરાભાઈ ગાંગાણી |
| રાજકોટ પૂર્વે | પ્રવીણભાઈ આંબલીયા | કારંજ | ડાહ્યાભાઈ નારણભાઈ ડાભરિયા |
| રાજકોટ પશ્ચિમ | જયદીપભાઈ માકડીયા | લીંબાયત | દેવરાજ હોનીયા નીમજે |
| રાજકોટ ગ્રા(અજા) | ગીરીશભાઈ પરમાર | મજુરા | ધર્મેશભાઈ રતિભાઈ બાટલાવાળા |
| જસદણ | દેવશીભાઈ ટાઢાણી | | |
| ધોરાજી | જગદીશભાઈ અધડુક | કતારગામ | ઘનશ્યામભાઈ કાનજીભાઈ ઈટાળીયા (કાળુભાઈ ભીમનાથ) |
| કાલાવડ (અજા) | ગિરધરભાઈ વાઘેલા | | |
| જામનગર ગ્રામ્ય | પ્રાણજીવનભાઈ કુંડારિયા | ચોર્યાસી | રાજેશભાઈ ભાણાભાઈ પટેલ |
| જામનગર ઉત્તર | કરશનભાઈ કરમુળ | બારડોલી (અજા) | ચંપાબેન ઓનાવાલા |
| જામનગર દક્ષિણ | તુલશીભાઈ સભાયા | મહુવા (અજજા) | રજનીકાંત રજવાડી (પ્રભુભાઈ) |
| ખંભાળિયા | લાલજીભાઈ દેવજીભાઈ નકુમ | વ્યારા (અજજા) | ખાનસિંહ કિશ્માભાઈ ચૌધરી |
| પોરબંદર | જયેશભાઈ ભટ્ટ | નીઝર (અજજા) | વસંતભાઈ સોમાભાઈ ગામીત |
| કુતિયાણા | હરીભાઈ કરમતા (રબારી) | ડાંગ (અજજા) | યોગેશભાઈ ભોયે |
| માણાવદર | ડૉ. દિનેશભાઈ કાચટ | ગણદેવી (અજજા) | નરેશભાઈ ભીખુભાઈ પટેલ |
| જૂનાગઢ | લલીતભાઈ સુહાગીયા | વાંસદા (અજજા) | ડૉ. રવીન્દ્રભાઈ ગરાસીયા |
| તલાલા | નથુભાઈ કાનાભાઈ કામળીયા | ધરમપુર (અજજા) | મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ |
| ઉના | પરષોત્તમભાઈ ઠુમ્મર | વલસાડ | નિમેશભાઈ પટેલ |
| ધારી | નલીનભાઈ કોટડીયા | પારડી | કલ્પેશભાઈ રમણલાલ પટેલ ઉર્ફે વિર્સ્દભાઈ |
| અમરેલી | પ્રાગજીભાઈ હીરપરા | | |
| લાઠી | હરજીભાઈ નારોલા | કપરાડા (અજજા) | મેઘરાજ ગટકા |
| સાવરકુંડલા | મહેશભાઈ સુદાણી | ઉમરગામ (અજજા) | દશરથભાઈ પટેલ |

## અમદાવાદ જિલ્લાની કુલ ૪ બેઠકો પર પાંચ ફોર્મ ભરાયાં

| ઉમેદવારનું નામ | પક્ષ | વિસ્તાર |
|---|---|---|
| પટેલ પ્રાગજીભાઈ નારણભાઈ | ભારતીય જનતા પાર્ટી | ૩૯-વિરમગામ |
| રાઠોડ કમાભાઈ ગગજીભાઈ | ભારતીય જનતા પાર્ટી | ૪૦-સાણંદ |
| ચુડાસમા ભૂપેન્દ્રસિંહ કનુભા | ભારતીય જનતા પાર્ટી | ૫૮-ધોળકા |
| પરમાર ઠાકરસીભાઈ ધુળાભાઈ | ભારતીય જનતા પાર્ટી | ૫૮-ધોળકા |
| મીતાબેન પ્રભુદાસ ગોહેલ | બહુજન સમાજ પાર્ટી | ૫૯-ધંધુકા |

## કોંગ્રેસની બીજી યાદીમાં ૪૮ ઉમેદવારો જાહેર

| | |
|---|---|
| વિરમગામ | ડૉ. તેજશ્રી દિલીપભાઈ પટેલ |
| સાણંદ | કમશીભાઈ વી. કોળી |
| ધોળકા | પ્રદ્યુમનસિંહ પી. ચાવડા |
| ધંધુકા | મહેન્દ્રભાઈ એમ. શાહ |
| દસાડા (એસ.સી.) | મનહરભાઈ એમ. મકવાણા |
| લીંબડી | સોમાભાઈ જી. પટેલ |
| વઢવાણ | હિમાંશુ વ્યાસ |
| ચોટીલા | દેવજીભાઈ જી. ફતેપુરા |
| ધાંગ્રધ્રા | જયેશભાઈ હીરાભાઈ પટેલ |
| ટંકારા | મગનભાઈ વાળવીયા |
| રાજકોટ (પૂર્વ) | ઈન્દ્રનીલ રાજગુરુ |
| રાજકોટ (પશ્ચિમ) | અતુલભાઈ રાજાણી |
| રાજકોટ (દક્ષિણ) | મીતુલભાઈ દોંગા |
| રાજકોટ રૂરલ (એસ.સી.) | લાખાભાઈ સાગથીયા |
| ધોરાજી | વિઠ્ઠલભાઈ એચ. રાંદડીયા |
| કાલાવાડ (એસ.સી.) | ડૉ. દિનેશ પરમાર |
| જામનગર (ઉત્તર) | ધર્મેન્દ્રસિંહ એમ. જાડેજા |
| જામનગર (દક્ષિણ) | જિતેન્દ્ર હરીદાસ લાલ |
| ખંભાડીયા | અભાભાઈ કે. ખુમાર |
| દ્વારકા | મુળુભાઈ આર. કંડોરીયા |
| જૂનાગઢ | ભીખાભાઈ જોશી |
| માંગરોલ | ડૉ. ચંદ્રિકાબેન કે. ચુડાસમા |
| સોમનાથ | જશાભાઈ બી. બારડ |
| ધારી | શ્રીમતી કોકિલાબેન જે. કાકડીયા |
| અમરેલી | પરેશ ધાનાણી |
| લાઠી | બાવકુ ઉધાડ |
| સાવરકુંડલા | પ્રતાપ દુધાત |
| રાજુલા | બાબુભાઈ રામભાઈ રામ |
| મહુવા | રાજભાઈ જે. મહેતા |
| ભાવનગર (પશ્ચિમ) | ડૉ. એમ. આરા. કાનાણી |
| ગઢડા (એસ.સી.) | પ્રવિણભાઈ મારુ |
| નાંદોદ (એસ.ટી.) | હરેશ જે. વસાવા |
| ડેડીયાપાડા (એસ.ટી.) | અમરસિંહ વસાવા |
| જંબુસર | કિરણકુમાર મકવાણા |
| વાગ્રા | ઈકબાલ પટેલ |
| ઝગડીયા (એસ.ટી.) | બાલુભાઈ સી. વસાવા |
| અંકલેશ્વર | મગનભાઈ બી. પટેલ |
| માંગરોલ (એસ.ટી.) | તેજશભાઈ અમરસિંહભાઈ ચૌધરી |
| સુરત (પૂર્વ) | કાદીર પીરઝાદા |
| સુરત (દક્ષિણ) | દિનેશ કાચડીયા |
| ઉધના | ધનસુખભાઈ રાજપુર |
| મજુરા | ધનપતભાઈ જૈન |
| કતાર ગામ | નંદલાલ કે. પાંડવ |
| ચોર્યાસી | સતીષભાઈ ચંપકભાઈ પટેલ |
| જલાલપોર | રણજીતભાઈ ડી. પંચાલ |
| નવસારી | એ. ડી. પટેલ |
| વલસાડ | ધર્મેશભાઈ પટેલ |
| પારડી | હેમંતભાઈ દેસાઈ |

## કોંગ્રેસ એનસીપી વચ્ચે સમજુતી એનસીપીને નવ બેઠકો ફાળવાઈ

ગાંધીનગર, તા. ૨૩

કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠકો અંગે સમજુતી સધાતા આજે એનસીપીએ નવ બેઠકો પર પોતાના ઉમેદવારોના નામોની જાહેરાત કરી હતી.

ગુજરાતમાં વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠકોની સમજૂતી અંગે વિવાદ સર્જાયો હતો. જો કે બંને પક્ષોના રાષ્ટ્રીય નેતાઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં આખરે કોંગ્રેસે એનસીપીને નવ બેઠકો ફાળવતા બંને પક્ષો વચ્ચે બેઠકની સમજુતી સધાવા પામી હતી.

બેઠક સમજુતી થતાં એન.સી.પી.એ. આજે નવ બેઠકો પરના પોતાના ઉમેદવારોના નામોની જાહેરાત કરી હતી જે આ પ્રમાણે છે.

| વિધાનસભા બેઠકનુંનામ | ઉમેદવારનું નામ |
|---|---|
| ઉમરેઠ | જયંત પટેલ (બોસકી) |
| ગોંડલ | ચંદુભાઈ વઘાસીયા |
| દેવગઢ બારૈયા | પંકજ ચોહાણ |
| કુતીયાણા | કાંધલ જાડેજા |
| લીંબાયત | રાજદીપ |
| વિસનગર | નવિન પટેલ |
| અકોરા | નિલેશ પટેલ |
| વાવ | ચંદુભાઈ ઠકકર |
| શહેરા | રઘુભાઈ ભરવાડ |

## એનસીપીના પ્રદેશ ઉપપ્રમુખ ભુરાભાઈ મુંજાનું પક્ષમાંથી રાજીનામું

ગાંધીનગર, તા. ૨૩

આવતા ચારપાંચ દિવસો રાજકીય રીતે ગુજરાતમાં ભારે ચહલપહલ વાળા બનનાર છે. જે કોઈને પોતાના પક્ષમાંથી ટિકીટ મળી નથી તેઓનો ભારે અસંતોષ પ્રગટી રહ્યો છે. વાપીથી વેરાવળ અને વાપીથી છાલા સુધી રાજકીય બળવા થયા હોય તેમ જણાય છે.

નેશનાલીસ્ટ કોંગ્રેટ પાર્ટીના ઉપપ્રમુખ તુરાભાઈ એમ. મુંજા, માજી ધારાસભ્યએ પણ પોતાનો અસંતોષ પ્રગટ કરીને ઉપપ્રમુખપદે તથા પક્ષના પ્રાથમિક સભાપદેથી રાજીનામુ જયંતિભાઈ પટેલ (બોસ્કી) પ્રમુખશ્રીને મોકલી આપ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે. ભૂરાભાઈ એમ. મુજાના ભત્રીજા કાંધલને એન.સી.પી.માંથી ટિકીટ ફાળવવામાં આવી છે. કૌટુંબિક ટિકીટ વહેંચણીનો અસંતોષ બહાર આવ્યો છે.

ભુરાભાઈ એમ. મુંજાએ રાજીનામુ આપતા પક્ષમાં કોંગ્રેસની ભ્રષ્ટાચારી, કૌભાંડમાં પક્ષ મૌન ધારણ કરેલ છે. તે સામે સખત નારાજગી વ્યક્ત કરીને ઉપપ્રમુખપદેથી રાજીનામું આપેલ છે.